


Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-28 ■ તા. 03-8-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# ટ્રમ્પના ટેરિફ બોમ્બથી ભારત કરતા વધુ નુકસાન અમેરિકાને, યેલ યુનિવર્સિટી અને SBIના રિપોર્ટમાં ઘટસ્ફોટ



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા છેડવામાં આવેલું ટેરિફ યુદ્ધ દિવસે ને દિવસે વધુ વિવાદાસ્પદ બની રહ્યું છે. ભારત સહિત અનેક દેશો પર આકરા ટેરિફ લાદીને ટ્રમ્પે અમેરિકાના અર્થતંત્રને મજબૂત બનાવવાનો દાવો કર્યો છે, પરંતુ તાજેતરના અમેરિકાની 'યેલ યુનિવર્સિટી' અને 'સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા' (SBI)ના સંશોધન દર્શાવે છે કે આ ટેરિફનો સૌથી મોટો આર્થિક ફટકો અમેરિકન નાગરિકોએ જ સહન કરવો પડશે. ટ્રમ્પના આ પગલાથી ફૂગાવો વધશે, ઘરગથ્થુ ખર્ચમાં વધારો થશે, નોકરીઓ ઘટશે અને સમગ્ર અર્થતંત્ર પર લાંબા ગાળે ઘાતક અસર જોવા મળશે.

યેલના અહેવાલ પ્રમાણે, ટ્રમ્પે લાદેલા ટેરિફનો બોજ દરેક અમેરિકન નાગરિક પર વાર્ષિક સરેરાશ ૨,૪૦૦ ડોલર (લગભગ રૂ. ૨.૧ લાખ) જેટલો પડશે. એમાંય ઓછી આવક ધરાવતા લોકોનો વધુ મરો થશે, કેમ કે એ લોકોને ૧,૩૦૦ ડોલર (લગભગ રૂ. ૧.૧૩ લાખ) જેટલું નુકસાન થશે. ઊંચી આવક ધરાવતા નાગરિકો માટે આ નુકસાન ૫,૦૦૦ ડોલર (લગભગ રૂ. ૪.૩૭ લાખ) જેટલું હશે. આવક ટકાના સંદર્ભમાં જોઈએ તો, ઊંચી આવક ધરાવતા નાગરિકોને થનારા નુકસાન કરતાં ઓછી આવક ધરાવતા અમેરિકનો પર પડનારો 'બોજ' ત્રણ ગણો હશે. આ નુકસાન દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવમાં વધારાને કારણે થશે. ટેરિફને કારણે વર્ષ ૨૦૨૫માં જ અમેરિકન તિજોરીને ૧૬૭.૭ બિલિયન ડોલર (લગભગ રૂ. ૧૫ લાખ કરોડ)નો ફાયદો થશે, પરંતુ ચીજવસ્તુઓના ભાવ વધતા અમેરિકન નાગરિક મોંઘવારીના ખપ્પરમાં હોમાઈ જશે. અમેરિકામાં ખાસ કરીને ચામડાના ઉત્પાદનો, કપડાં, કાર, ખાદ્ય પદાર્થો અને ઈલેક્ટ્રોનિક્સની કિંમતોમાં ભારે વધારો થવાની શક્યતા છે. ચંપલ અને હેન્ડબેગ જેવા ચામડાના ઉત્પાદનોના ભાવમાં ૪૦% નો વધારો થશે. કપડાં ૩૮% મોંઘા થશે. ખાદ્ય પદાર્થોના ભાવમાં ૩.૪% વધારો થઈ શકે છે. અન્ય ઉત્પાદિત વસ્તુઓ ૭% મોંઘી થઈ શકે છે. કારના ભાવમાં ૧૨.૩% એટલે કે ૫,૯૦૦ ડોલર (અંદાજે રૂ. ૫ લાખ) જેટલો ઉછાળો આવી શકે છે.ટેરિફની નકારાત્મક અસર ફક્ત ખર્ચમાં જ નહીં, પણ નોકરીઓ પર પણ પડશે. યેલના અંદાજ મુજબ, માત્ર એક વર્ષમાં બેરોજગારીનો દર ૦.૩૦ % જેટલો વધે અને ૫ લાખ લોકો નોકરી ગુમાવે એવી શક્યતા છે. અમેરિકાના જીડીપી વિકાસ દરમાં ૦.૫% નો ઘટાડો થવાની ધારણા છે. ટૂંકમાં, અમેરિકાને ગ્રેટ બનાવવા માટે લદાઈ રહેલો ટેરિફ અમેરિકા માટે આર્થિક રીતે ઘાતક સાબિત થઈ શકે એમ છે. અમેરિકાના ઈતિહાસમાં ૧૯૩૦ થી સરેરાશ ટેરિફ ફક્ત ૧૮.૪ ટકા રહ્યો છે અને લગભગ ૯૫ વર્ષમાં પહેલી વાર આટલો ઊંચો ટેરિફ લાદવામાં આવ્યો છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના સંશોધન અહેવાલ મુજબ, ભારત વિશ્વના દેશોમાં જે કુલ નિકાસ કરે છે એમાંની ૫૩ % નિકાસ ટોચના ૧૦ દેશોમાં કરે છે, જેમાંનું એક અમેરિકા છે. એ હિસાબે જોઈએ તો ભારત માટે અમેરિકા એક મહત્ત્વપૂર્ણ નિકાસ બજાર છે.

## ૭૧મા નેશનલ ફિલ્મ ઍવૉર્ડ્સની જાહેરાત, શાહરૂખ-મૈસી બેસ્ટ એક્ટર, વશ' બેસ્ટ ગુજરાતી ફિલ્મ




૭૧મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારના વિજેતાઓના નામ જાહેર કરવામાં આવ્યા છે. આ વખતે આ ઍવૉર્ડ્સ ૨૦૨૩ની ફિલ્મો માટે આપવામાં આવ્યા છે. આ નેશનલ ઍવૉર્ડમાં શ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો ઍવૉર્ડ 'કટહલ'ને આપવામાં આવ્યો છે. આ ફિલ્મ ૧૯ મે ૨૦૨૩ના રોજ નેટફ્લિક્સ પર રિલીઝ થઈ હતી. 'કટહલ'માં સાન્યા મલ્હોત્રા, અનંત વી જોશી, વિજય રાજ, રાજપાલ યાદવ, બ્રૃજેન્દ્ર કાલા અને નેહા સરાફ જેવા કલાકારો મુખ્ય ભૂમિકામાં હતા. 'ધ કેરલ ફાઈલ્સ' ફિલ્મે શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફીનો ઍવૉર્ડ જીત્યો છે. શ્રેષ્ઠ કોરિયોગ્રાફરની વાત કરીએ તો વૈભવી મર્ચન્ટને ફિલ્મ 'રોકી રાની કી પ્રેમ કહાની'ના ગીત 'ઢિંઢોરા બાજે રે' માટે આ ઍવૉર્ડ મળ્યો છે.

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં 'વશ'ને નેશનલ ઍવૉર્ડ આપવામાં આવ્યો છે. જાનકી બોડીવાલાને પણ બેસ્ટ સપૉર્ટિંગ એક્ટર ઍવૉર્ડ આપવામાં આવ્યો છે. બેસ્ટ કોરિયોગ્રાફી માટે રોકી ઓર રાની કી પ્રેમ કહાની, જ્યારે બેસ્ટ મ્યુઝિક ડાયરેક્શન કેટેગરીમાં વાથી(તમિલ ગીત)એ નેશનલ ઍવૉર્ડ મેળવ્યો છે. બેસ્ટ સાઉન્ડ ડિઝાઈનમાં એનિમલ સામેલ છે.શાહરુખ-મૈસીને બેસ્ટ એક્ટર અને રાની મુખર્જીને બેસ્ટ એક્ટ્રેસનો ઍવૉર્ડ મળ્યો છે. શિલ્પા રાવને બેસ્ટ સિંગરનો ઍવૉર્ડ મળ્યો છે. '૧૨ર ફેઈલ'ને બેસ્ટ ફિચર ફિલ્મ ઍવૉર્ડ આપવામાં આવ્યો છે. લીડીંગ રોલમાં રાની મુખરજીને શ્રેષ્ઠ અભિનેત્રીનો ઍવૉર્ડ આપ્યો છે. તેને મિસિસ ચેટરજી દૃજ નોર્વે માટે શ્રેષ્ઠ અભિનેત્રીથી સન્માનિત કરવામાં આવી છે.

## સૌ કોઈ જાણે છે કે આવું કશું નથી, ડેડ ઈકોનોમી મુદ્દે થરુરનું રાહુલ ગાંધીથી વિપરીત નિવેદન



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં જ ભારત પર ૨૫ ટકા ટેરિફ અને પેનલ્ટી લાદવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ તેમણે ભારતીય અર્થવ્યવસ્થાને 'ડેડ' ગણાવી હતી. હવે ટ્રમ્પના 'ડેડ' નિવેદનને લઈને કોંગ્રેસમાં ભાગલા પડી ગયા છે. આ મામલે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ટ્રમ્પની તરફેણ કરી છે, તો કોંગ્રેસના જ અનેક સાંસદો ટ્રમ્પની નીતિની ટીકા કરી છે. એટલું જ નહીં પાર્ટીની ટોચના નેતાઓ પણ યુએસ નીતિનો જાહેરમાં વિરોધ કરી રહ્યા છે, જેમાં કોંગ્રેસ સાંસદ શશિ થરુર પણ સામેલ છે. ટ્રમ્પે ભારત-રશિયાની અર્થવ્યવસ્થાને 'મૃત' કહ્યા બાદ શશિ થરુરે પ્રતિક્રિયા આપી છે. તેમણે આજે (૧ ઑગસ્ટ) સંસદની બહાર પત્રકારો સાથે વાતચીત કરતી વખતે કહ્યું કે, 'આવું કંઈપણ નથી અને આપણે બધા જાણીએ છીએ કે, આવું કશું નથી.'આ ઉપરાંત શશિ થરુરે ગઈકાલે કહ્યું હતું કે, 'અમેરિકા સાથે ટ્રેડ ડીલ મુદ્દે ચર્ચાઓ ચાલી હોવા છતાં અમેરિકાનું ભારત પર ૨૫ ટકા ટેરિફ વત્તા પેનલ્ટી લાદવાનો નિર્ણય તદ્દન અયોગ્ય છે. રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ તે આપણી ઉપર ૧૦૦ ટકા પેનલ્ટી લાદી શકે છે. જે રીતે ટ્રમ્પ વાત કરી રહ્યા છે, બારગેનિંગ ટેક્ટિસ પણ થઈ શકે છે. જો આટલો બધો ટેરિફ લાદવામાં આવશે, તો આપણો વેપાર બરબાદ થઈ જશે. આપણી જીડીપી પર અસર થશે. અમેરિકાની વ્યાપારિક માગ સંપૂર્ણપણે અયોગ્ય છે. અમે ઘણા દેશો સાથે વાટાઘાટો કરી રહ્યા છીએ. અમેરિકા એકમાત્ર નથી. અમારી EU સાથે વાટાઘાટો ચાલુ છે, હાલમાં જ યુકે સાથે કરાર કર્યો છે, અને અન્ય દેશો સાથે પણ વાત કરી રહ્યા છીએ. જો આપણે અમેરિકામાં સ્પર્ધા ન કરી શકીએ, તો આપણે અમેરિકાની બહાર બજાર શોધવું પડશે. આપણી પાસે વિકલ્પો નથી. અમેરિકાની માગણીઓ સંપૂર્ણપણે ગેરવાજબી છે, જેથી બીજું માર્કેટ શોધવું પડશે. આ ભારતની તાકાત છે; આપણે ચીનની જેમ સંપૂર્ણપણે નિકાસ-આધારિત અર્થતંત્ર નથી. આપણી પાસે એક સારું અને મજબૂત સ્થાનિક બજાર છે. શક્ય શ્રેષ્ઠ ડીલ કરવા માટે આપણે આપણી ટીમને મજબૂત ટેકો આપવો જોઈએ. જો સારી ડીલ શક્ય ન હોય, તો આપણે તેનાથી દૂર થઈ જવું પડશે.'અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર લખ્યું હતું કે, 'ભારત રશિયા સાથે શું કરે છે, તેનાથી મને કોઈ વાંધો નથી. તેઓ ઈચ્છે તો પોતાની 'ડેડ ઈકોનોમી' સાથે લઈને ડૂબે. આપણો ભારત સાથેનો વેપાર ગણો ઓછો છે

## સુરત શિક્ષક આપઘાત કેસઃ પોલીસે મૃતકની પત્ની અને તેના પ્રેમીની ધરપકડ




સુરતમાં ગઈકાલે એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી, જ્યાં પત્નીના કથિત અફેરથી કંટાળીને એક શિક્ષકે પોતાના બે માસૂમ બાળકોને ઝેરી દવા પીવડાવી હત્યા કરી અને બાદમાં પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. આ કરુણ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસને ઘટનાસ્થળેથી એક ડાયરી મળી આવી છે, જેમાં અલ્પેશની પત્ની ફાલ્ગુનીનું નરેશ રાઠોડ નામના વ્યક્તિ સાથે અફેર હોવાનો ઉલ્લેખ કરાયો છે. જેના આધારે પોલીસે મૃતકની પત્ની અને તેના પ્રેમીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

મૃતક શિક્ષકનું નામ અલ્પેશ કાંતિલાલ સોલંકી (ઉં.વ.૪૧) છે. તેમણે તેમના બે પુત્રો, ૮ વર્ષના કૃષિવ અને ૨ વર્ષના કર્નિશ સાથે આ આઘાતજનક પગલું ભર્યું હતું. આ ઘટના બાદ ઉમરા પોલીસ સ્ટેશનમાં અલ્પેશ સોલંકી સામે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે.પોલીસે ઘટનાસ્થળેથી તપાસ દરમિયાન બે ડાયરી, અલ્પેશનો મોબાઈલ અને તેમની પત્નીનો મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. અલ્પેશના મોબાઈલમાંથી એક વીડિયો પણ મળી આવ્યો છે, જેમાં તેમણે આ અંતિમ પગલું ભરતા પહેલા પોતાની વેદના અને મનોસ્થિતિ વ્યક્ત કરી હતી, જે આ ઘટના પાછળનું દર્દનાક કારણ છતું કરે છે.

અલ્પેશના ભાઈએ પોલીસને આપેલી માહિતી મુજબ, અલ્પેશની પત્ની ફાલ્ગુનીનું અફેર નરેશ રાઠોડ નામના વ્યક્તિ સાથે હતું. ફાલ્ગુની જિલ્લા પંચાયતમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતી હતી, જ્યારે નરેશ રાઠોડ ખેતીવાડી વિભાગમાં નોકરી કરે છે.અલ્પેશે છેલ્લા ૩ મહિનાથી એક ડાયરી લખી હતી, જેમાં તેમણે પોતાની પત્નીના ત્રાસ અને તેના અફેર વિશે વિગતવાર ઉલ્લેખ કર્યો હતો. આત્મહત્યા કરતા પહેલા લખેલી સુસાઈડ નોટમાં પણ તેમણે પોતાના માતા-પિતા અને પત્નીને સંબોધીને અલગ-અલગ લખાણ કર્યું છે. આ સુસાઈડ નોટમાં, અલ્પેશે ફાલ્ગુની અને નરેશને કડકમાં કડક સજા થાય તેવી વિનંતી કરી હતી.અલ્પેશના ભાઈએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, તેમના ભાઈને આત્મહત્યા કરવા માટે મજબૂર કરવામાં આવ્યા છે અને આરોપીઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ. પોલીસે આ મામલે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાની કલમ હેઠળ ગુનો નોંધીને ફાલ્ગુની અને નરેશ રાઠોડ બંનેની ધરપકડ કરી છે. પોલીસ પૂછપરછ દરમિયાન નરેશ રાઠોડે પણ ફાલ્ગુની સાથેના સંબંધની કબૂલાત કરી છે.આ ઘટનાએ પરિવારજનો અને સમગ્ર સમાજમાં ઊંડો આઘાત પહોંચાડ્યો છે. પોલીસ આ મામલે વધુ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે

*તંત્રી લેખ......*

## અમેરિકા-ભારત વેપાર વાટાઘાટોમાં પ્રગતિ નહીં થાય, તો રૂપિયો ૯૦ના તળિયે પટકાશે

અમદાવાદ : અમેરિકા દ્વારા ભારત પર ૨૫% ટેરિફ લાદવામાં આવ્યા વચ્ચે, આજે (૩૧ જુલાઈ) રૂપિયામાં લગભગ ત્રણ વર્ષમાં સૌથી મોટો માસિક ઘટાડો નોંધાયો હતો. ટ્રમ્પ ટેરિફ અંગેની ચિંતા અને વિદેશી રોકાણકારોના સતત દબાણને કારણે રૂપિયા પર દબાણ આવતા જુલાઈ મહિનામાં રૂપિયો લગભગ ૨ ટકા તુટયો છે. સપ્ટેમ્બર ૨૦૨૨ પછીનો આ સૌથી મોટો ઘટાડો છે.નિષ્ણાતોના મતે, ભારતીય રિઝર્વ બેંકે બુધવાર અને ગુરુવારે રૂપિયાને ટેકો આપવા માટે હસ્તક્ષેપ કર્યો હતો. પરંતુ આ હસ્તક્ષેપ ખૂબ આક્રમક નહોતો. જો અમેરિકા-ભારત વેપાર વાટાઘાટોમાં કોઈ સકારાત્મક પ્રગતિ નહીં થાય, તો રૂપિયો ૮૭.૯૫ના તેના સર્વકાલીન નીચલા સ્તરથી નીચે ૯૦ સુધી જઈ શકે છે. વિદેશી રોકાણકારોએ પણ રૂપિયા પર દબાણ વધાર્યું છે. જુલાઈમાં, તેમણે ભારતીય શેરબજારમાંથી ૨ અબજ ડોલર પાછા ખેંચી લીધા છે.તાજેતરમાં ડોલર સામે રૂપિયો દબાણ હેઠળ છે. તેનું મુખ્ય કારણ તેલના ઊંચા ભાવ અને વૈશ્વિક અનિશ્ચિતતા છે. ડોલર-રૂપિયો તાજેતરમાં ૮૭.૦૦ના સ્તરને તોડી ગયો છે. નજીકના ભવિષ્યમાં આ સ્તર હવે એક મહત્વપૂર્ણ ટેકો બની ગયું છે. તે જ સમયે, રૂપિયા માટે આગામી પ્રતિકાર ૮૮.૦૦-૮૮.૨૦ની આસપાસની સપાટી છે.જો રૂપિયો ૮૮.૨૦થી ઉપર નબળો પડે છે, તો ૯૦નું મનોવૈજ્ઞાનિક સ્તર આવી શકે છે. પરંતુ ૯૦ને પાર કરવું ખૂબ જ ખરાબ પરિસ્થિતિમાં જ શક્ય બનશે. આમાં ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો, ઝડપી મૂડી પ્રવાહ અને ફેડરલ રિઝર્વ દ્વારા આક્રમક નાણાકીય કડકતા સામેલ હોઈ શકે છે. જો રૂપિયો નબળો પડતો રહેશે, તો રિઝર્વ બેંક પાસે વ્યાજ દર ઘટાડીને અર્થતંત્રને ટેકો આપવા માટે ઓછો અવકાશ રહેશે.

# ટ્રમ્પના ટેરિફની ઈફેક્ટ, ભારતીય કંપનીઓએ રશિયાથી ઓઈલ આયાત અટકાવી : રિપોર્ટ



ટેરિફ અંગે અમેરિકાના દબાણ વચ્ચે ભારત સરકારની ઘણી ઓઈલ રિફાઇનરીઓએ રશિયા પાસેથી ક્રૂડ ઓઇલ ખરીદવાનું કામચલાઉ ધોરણે બંધ કરી દીધું છે.

તેમાં ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન અને મેંગલોર રિફાઇનરી પેટ્રોકેમિકલ જેવી તેલ રિફાઇનરીઓનો સમાવેશ થાય છે. તેમણે હાલ માટે રશિયાથી ક્રૂડ ઓઇલ આયાત કરવા પર હાલ પૂરતી રોક લગાવી છે. તેના બદલે, આ કંપનીઓ ઓઈલ ખરીદવા માટે મધ્ય પૂર્વ અને આફ્રિકા તરફ વળી છે.

અહેવાલમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે આ ભારતીય સરકારી કંપનીઓએ ગયા અઠવાડિયાથી ક્રૂડ ઓઇલ આયાત કર્યું નથી. જોકે અત્યાર સુધી આ કંપનીઓ અને સરકાર તરફથી આ અંગે કોઈ પ્રતિક્રિયા આવી નથી.

જોકે, રિલાયન્સ અને નાયરા જેવી ભારતની ખાનગી તેલ રિફાઇનરીઓ હજુ પણ વાર્ષિક સોદા હેઠળ રશિયન તેલ આયાત કરી રહી છે. ૨૦૨૨ થી ભારત જે સસ્તા દરે રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યું હતું તેમાં ઘટાડો થઈ ગયો છે. ટ્રમ્પે રશિયા પાસેથી ક્રૂડ તેલ ખરીદવા બદલ ભારત પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપી હતી. ટ્રમ્પે ૯૦ થી વધુ દેશો પર પારસ્પરિક ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ૧ ઓગસ્ટથી ભારત પર ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે. ટ્રમ્પ રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારત પર વધારાના દંડ પણ લાદી શકે છે.

# ટેરિફથી આર્થિક વિકાસ દરમાં ૩૦થી ૬૦ બેસિસ પોઈન્ટના ઘટાડાનો અંદાજ

મુંબઈ : અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર ૨૫ ટકા ટેરિફ તથા પેનલ્ટી લાગુ કરવાના લેવાયેલા નિર્ણયને કારણે વર્તમાન નાણાં વર્ષમાં ભારતના આર્થિક વિકાસ દરમાં ૩૦ થી ૬૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો જોવા મળશે તેવી વિવિધ રિપોર્ટમાં ધારણાં મૂકવામાં આવી છે. જો કે ભારતમાં ઘરઆંગણેની માગ આધારિત અર્થતંત્રને મોટી અસર જોવા નહીં મળે એમ બારકલેસના એક રિપોર્ટમાં આર્થિક વિકાસ દરમાં ૩૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો જોવા મળવાની ધારણાં વ્યકત કરતા જણાવાયું હતું.

૧લી ઓગસ્ટથી ૨૫ ટકા ટેરિફ લાગુ થશે તો ભારતના માલસામાન પર અમેરિકામાં સરેરાશ ઈફેકટિવ ટેરિફ દર ટ્રેડ વેઈટેડના દ્રષ્ટિકોણથી વધી ૨૦.૬૦ ટકા રહેશે એમ બારકલેસ દ્વારા અંદાજ મૂકવામાં આવ્યો છે. લિબરેશન ડે પહેલાનો ટેરિફ દર ૨.૭૦ ટકા રહ્યો હતો અને ૯૦ દિવસની જેને સ્થગિતી અપાઈ છે તે ટેરિફ દર ૧૧.૬૦ ટકા હતો.અમેરિકાથી આવતા માલસામાન પર ભારત ટ્રેડ વેઈટેડના દ્રષ્ટિકોણથી સરેરાશ ૧૧.૬૦ ટકા ટેરિફ વસૂલે છે. ભારતનું અર્થતંત્ર જે ઘરેલુ માગને આધારિત છે તેને ધ્યાનમાં રાખતા ૨૫ ટકાના ટેરિફ દરથી દેશના આર્થિક વિકાસ પર નોંધપાત્ર અસર જોવા નહીં મળે એમ જણાવી બારકલેસે વર્તમાન નાણાં વર્ષમાં આર્થિક વિકાસ દર ૩૦ બેઝિસ પોઈન્ટની કદાચ અસર જોવા મળી શકે.

# ટેરિફ દ્વિપક્ષીય વેપાર અને મહત્વના ક્ષેત્રોને અસર કરશે

અમદાવાદ : યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતમાંથી થતી બધી નિકાસ પર ૨૫% આયાત ડ્યુટીની જાહેરાત કરી છે. આ ટેરિફ ૧ ઓગસ્ટ, ૨૦૨૫થી અમલમાં આવશે અને સ્માર્ટફોન, દવાઓ, ઓટો પાર્ટ્સ અને જ્વેલરી જેવા ઘણા મહત્વપૂર્ણ ક્ષેત્રોને અસર કરશે. ટ્રમ્પ વહીવટીતંત્રનો દાવો છે કે આ પગલું ભારતના બિન-રાજકોષીય વેપાર અવરોધો અને રશિયા સાથેના તેના સંરક્ષણ અને ઉર્જા સંબંધોના જવાબમાં લેવામાં આવ્યું છે.યુએસ ટેરિફથી દ્વિપક્ષીય વેપારને મોટો ફટકો પડવાનો ભય ઉદભવ્યો છે. વર્ષ ૨૦૨૪માં ભારત અને અમેરિકા વચ્ચે કુલ દ્વિપક્ષીય વેપાર ૧૨૯ બિલિયન ડોલર (લગભગ ૧૦.૭ લાખ કરોડ) હતો. ઓગસ્ટના છેલ્લા અઠવાડિયામાં નવી દિલ્હીમાં વેપાર વાટાઘાટોનો આગામી રાઉન્ડ પ્રસ્તાવિત છે. આ માટે, યુએસ પ્રતિનિધિમંડળ ૨૫ ઓગસ્ટથી ભારતની મુલાકાત લેશે. યુએસ ટેરિફથી કયા ક્ષેત્રો સૌથી વધુ પ્રભાવિત થશે તેના પર નજર કરીએ તો,

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, ભારતે યુએસને ૨૪.૧ બિલિયન ડોલર (૫૫% વાષક વધારો) ના સ્માર્ટફોન નિકાસ કર્યા હતા. પરંતુ હવે ૨૫% ટેરિફ લાગુ થયા પછી, અમેરિકામાં તેમના ભાવ વધી શકે છે અને માંગ પર અસર પડી શકે છે.ભારતે ૨૦૨૪માં ૧૦.૮ અબજ ડોલરના ટેક્સટાઇલ અને એપેરલની નિકાસ અમેરિકામાં કરી હતી, જે કુલ ટેક્સટાઇલ નિકાસના ૨૮.૫% હિસ્સો ધરાવે છે. ૧૦-૧૨%ની હાલની ડ્યુટી ઉપરાંત ૨૫% ની નવી ડ્યુટી ભારતીય કપડાને યુએસ બજારમાં બિન-સ્પર્ધાત્મક બનાવી શકે છે. વિયેતનામ અને બાંગ્લાદેશ જેવા દેશોને આનો ફાયદો થઈ શકે છે.ભારતે નાણાકીય વર્ષ ૨૫માં ૧૨ બિલિયન ડોલરના દાગીનાની નિકાસ કરી હતી, જેમાં યુએસનો હિસ્સો લગભગ ૩૦% છે. હાલની ૨૭% ડ્યુટી ઉપરાંત વધારાની ૨૫% ટેરિફ આ ક્ષેત્રના માર્જિનને ગંભીર અસર કરી શકે છે અને ઓર્ડર રદ કરવા અથવા યુએસ ખરીદદારોને સપ્લાયર્સ બદલવા તરફ દોરી શકે છે.

ભારતે ૨૦૨૪માં યુએસને ૨.૨ બિલિયન ડોલરના ઓટો ઘટકોની નિકાસ કરી હતી. જ્યારે ફિનિશ્ડ વાહનોની નિકાસ ફક્ત ૧૦ મિલિયન ડોલરની આસપાસ હતી, ઓટો પાર્ટ્સ પર ૨૫% ડ્યુટી મેક ઇન ઇન્ડિયા હેઠળ એન્જિનિયરિંગ નિકાસને નુકસાન પહોંચાડી શકે છે.




ભારતના દરિયાઈ નિકાસ ઉદ્યોગનું કુલ કદ ૭.૨ બિલિયન ડોલર છે, જેમાં યુએસનો હિસ્સો લગભગ ૨.૪ બિલિયન ડોલર છે. સીફૂડ પર ટેરિફ વધારવાથી લેટિન અમેરિકન નિકાસકારોની તુલનામાં ભારતના ભાવ બિનસ્પર્ધાત્મક બની શકે છે.

# બ્રિટનની શરમજનક હરકત, ખાલિસ્તાનીનું સમર્થન કર્યું, ભારતને ૧૨ દમનકારી દેશોની યાદીમાં ઉમેર્યું




બ્રિટનની એક સંસદીય સમિતિએ એક રિપોર્ટ જાહેર કર્યો છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, અમુક વિદેશી સરકારો બ્રિટનમાં રહેતા લોકોને ડરાવવા-ધમકાવા અને તેમનો અવાજ દબાવવાનો પ્રયાસ કરી રહી છે. આ રિપોર્ટ સાથે સમિતિએ પુરાવા પણ રજૂ કર્યા છે. રિપોર્ટનું નામ ટ્રાન્સનેશનલ રિપ્રેશન ઇન ધ યુકે છે. જેમાં બ્રિટનમાં વિદેશી સરકારોની ગતિવિધિઓને માનવાધિકારો માટે જોખમી જણાવાયા છે. આ સાથે જ બ્રિટનની સરકારે તેના પર કાર્યવાહીની માંગ કરી છે. આ ૧૨ દેશોમાં ભારત સિવાય ચીન, પાકિસ્તાન, ઈરાન, મિસ્ત્ર, રશિયા, બહેરીન, યુએઈ, સાઉદી અરેબિયા, તુર્કીયે, રવાંડા અને ઈરિટ્રિયા સામેલ છે. ભારતે હાલ આ રિપોર્ટ પર કોઈ સત્તાવાર રીતે પ્રતિક્રિયા નથી આપી.રિપોર્ટમાં રજૂ કરવામાં આવેલા પુરાવામાં ભારતના સંદર્ભમાં શીખ ફૉર જસ્ટિસ (SFJ)નો ઉલ્લેખ છે. આ ખાલિસ્તાન સમર્થન સંગઠન છે, જેને ભારતમા UAPA Act હેઠળ ગેરકાયદે સંગઠન જાહેર કર્યું છે. આ સંસદીય સમિતિમાં બ્રિટનમાં અનેક પાર્ટીઓના સાંસદ છે અને આ સમિતિ બ્રિટનની અંદર માનવાધિકારો સાથે જોડાયેલા કેસની તપાસ કરે છે. સમિતિના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, તેને વિશ્વસનીય પુરાવા મળ્યા છે કે, અનેક દેશના યુકેની ધરતી પર આ પ્રકારની ગતિવિધિઓમાં સામેલ છે, જે લોકો પર ગંભીર પ્રભાવ પાડે છે. તેનાથી લોકોમાં ડર વધી રહ્યો છે, તેમના બોલવા અને ફરવાની આઝાદી પર રોક લગાવે છે. બ્રિટનની સુરક્ષા એજન્સી MI5 ની તપાસમાં આવા કેસમાં ૨૦૨૨ બાદ ૪૮ ટકાનો વધારો થયો છે. એ પણ જણાવવામાં આવ્યું કે, અમુક દેશ ઇન્ટરપોલના નિયમોનો દુરૂપયોગ કરી રહ્યા છે.

# ટ્રમ્પની પાક. સાથે ટ્રેડ ડીલ, અમેરિકા પાક.માં ઓઇલ ક્ષેત્રે રોકાણ કરશે

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાન સાથે ટ્રેડ ડીલ કરવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું હતું કે અમેરિકા પાકિસ્તાન સાથે કામ કરીને મોટાપાયા પર ઓઇલ ડિસ્કવીરમાં મદદ કરશે. તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાન પાસે જંગી ઓઈલ અનામતો છે. જો કે હજી સુધી તે સ્પષ્ટ થઈ શક્યું નથી કે પાકિસ્તાન પાસે કયા પ્રકારની જંગી ઓઈલ અનામતો છે જેનો ટ્રમ્પ દાવો કરી રહ્યા છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે ભવિષ્યમાં એક દિવસ એવો પણ આવી શકે કે પાકિસ્તાન ભારતને ઓઇલ વેચતું હોય. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર તેની પોસ્ટમાં જણાવ્યું હતુ કે અમે પાકિસ્તાન સાથે ટ્રેડ ડીલ કર્યુ છે, જેમા અમેરિકા પાકને તેના ઓઈલ રિઝર્વ વિકસાવવામાં મદદ કરશે. અમે આ માટે ઓઈલ કંપની પસંદ કરવાના છીએ, જે આ ભાગીદારીને આગળ ધપાવશે. ક્યારેક કોઈ દિવસે પાકિસ્તાન ભારતને તેના ઓઈલનું વેચાણ કરતું હોય તો આશ્ચર્ય નહીં થાય. પાકિસ્તાન લાંબા સમયથી દાવો કરી રહ્યું છે કે તેના પશ્ચિમ કાઠે જંગી ઓઈલ અનામતો છે, પરંતુ આ થાપણોને વિકસાવવા કોઈ પ્રગતિ



હજી સુધીકરી શકાઈ નથી. પાકિસ્તાન આ અનામતો વિકસાવવા રોકાણને આકર્ષવા પ્રયત્નશીલ છે. પાક.ના વડાપ્રધાન શહબાઝ શરીફે આ ઐતિહાસિક કરાર બદલ અમેરિકાનો આભાર માન્યો હતો. તેની સાથે આશા વ્યક્ત કરી હતી કે બંને દેશો વચ્ચેના સહયોગમાં વધારો થશે.

# સિદ્ધપુરથી ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (GSRTC) દ્વારા ત્રણ નવી બસોનું માન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબના હસ્તે ફ્લેગ ઑફ કરીને લોકાર્પણ કરવામાં આવ્યું







સિદ્ધપુરથી માતાનોમઢ, ભુજ અને સંતરામપુર સુધીના પહેલાંથી ચાલી રહેલા રૂટ પર હવે નવી અને આધુનિક બસો ચાલશે, જેના કારણે મુસાફરોને વધુ આરામદાયક અને સુરક્ષિત મુસાફરીનો અનુભવ મળશે. ખાસ કરીને જે મુસાફરો રોજિંદા ધંધા-રોજગાર, અભ્યાસ કે દર્શનાર્થે આ શહેરો તરફ જવા ઈચ્છે છે, તેમના માટે આ નવી બસો વધુ ઉપયોગી સાબિત થશે.આ નવી બસો સાથે હવે મુસાફરી વધુ આરામદાયક, સમય બચાવનારી અને ભરોસાપાત્ર બનશે. ગામડાં અને નાનાં શહેરોના લોકોને મોટા શહેરો સાથે જોડતી આ સેવા પ્રવાસીઓ, શ્રદ્ધાળુઓ તથા વેપારીઓ માટે વધુ સરળતા લાવશે. માતાનોમઢ જેવા ધાર્મિક સ્થળો, ભુજ જેવા પ્રવાસન કેન્દ્રો અને સંતરામપુર જેવા વ્યાવસાયિક સ્થળો સુધી હવે વધુ સજ્જ બસોમાં મુસાફરી કરી શકાશે.આ પ્રસંગે શ્રી રમેશભાઈ સિંધવ, શ્રી લવિંગજી ઠાકોર, શ્રી નંદાજી ઠાકોર, શ્રીમતી હેતલબેન ઠાકોર, શ્રી અશોકભાઈ ચૌધરી, શ્રીમતી અનિતાબેન પટેલ, જિલ્લાના હોદ્દેદારો, શહેર અને તાલુકાના આગેવાનો, એસ.ટી. નિગમના અધિકારીશ્રીઓ, નગરપાલિકાના કોર્પોરેટરો, તાલુકાના સદસ્યો, વરિષ્ઠ આગેવાનો તથા અનેક કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું